# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-03-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

*************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત આગામી સમયમાં સેમીકન્ડકટરના ઉત્પાદનમાં વૈશ્વિક સત્તા બની જશે- રાજ્યમાં ધોલેરા અને સાણંદ સહિત કુલ ત્રણ સેમીકન્ડક્ટર સુવિધાઓનું પ્રધાનમંત્રીએ વર્ચ્યુઅલી ખાતમુહુર્ત કર્યું.
- સમગ્ર દેશમાં પીએમ સૂરજ પોર્ટલનો વર્ચ્યુઅલી શુભારંભ.
- લોકસભા ચૂંટણી 2024 અંતર્ગત ભાજપે 72 ઉમેદવારોની બીજી સૂચિ જાહેર કરી.
- માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે આજે નવી દિલ્હીમાં આકાશવાણી ન્યૂઝ અને ડીડી ન્યૂઝની સુધારેલી વેબસાઈટ લોન્ચ કરી..
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કૃષિ ક્ષેત્રની મજબૂતી માટે નવી દિલ્હીના **વર્લ્ડ** ટ્રેડ સેન્ટરમાં ત્રણ સહકારી મંડળીઓના નવા કાર્યાલય ભવનનો શુભારંભ કરાવ્યો..
- **મહિલા પ્રીમીયર લીગમાં, આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત જાયન્ટ્સ સામે થશે.**

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.-GUJARAT-PM-SEMICONDUCTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, એ દિવસ બહુ દૂર નથી જ્યારે ભારત સેમીકન્ડકટરના ઉત્પાદનમાં વૈશ્વિક સત્તા બની જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 'ઇન્ડિયાઝ ટેકેડઃ ચિપ્સ ફોર વિકસિત ભારત' કાર્યક્રમમાં વર્ચ્યુઅલી અંદાજે 1.25 લાખ કરોડ રૂપિયાની 3 સેમિકન્ડક્ટર સુવિધાઓનું ભૂમિપૂજન કરાવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉમેર્યું કે, મેડ ઇન ઇન્ડિયા અને ડિઝાઇન ઇન ઇન્ડિયા ચિપ્સ ભારતને આત્મનિર્ભર અને આધુનિકીકરણ તરફ લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, સેમિકન્ડક્ટરનાં સંશોધનથી યુવાનોને સૌથી વધુ લાભ થશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "સેમિકન્ડક્ટર એ માત્ર એક ઉદ્યોગ જ નથી, પણ તે અમર્યાદિત સંભવિતતાઓથી ભરેલાં દ્વાર ખોલે છે."

પ્રધાનમંત્રીએ ઇલેક્ટ્રોનિક્સ અને હાર્ડવેર ઉત્પાદનમાં ભારતના વધતા યોગદાન વિશે પણ વાત કરી હતી..

પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અત્યારે ભારત દુનિયામાં મોબાઇલનું બીજું સૌથી મોટું ઉત્પાદન કરે છે. ભારતના ક્વોન્ટમ મિશનની શરૂઆત કરાઈ છે. નવીનતાને પ્રોત્સાહન આપવા માટે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી છે. ભારતના એઆઈ મિશનના વિસ્તરણ પર વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત ટેકનોલોજી અપનાવવા ઉપરાંત ટેકનોલોજીને આગળ વધારવાની દિશામાં કામ કરી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ સેમિકન્ડક્ટર સુવિધાઓમાં ગુજરાતમાં ધોલેરા અને સાણંદ તથા આસામમાં મોરેગાંવનો સમાવેશ થાય છે. અમદાવાદના ધોલેરા ખાતે ટાટા ઇલેક્ટ્રોનિક્સ પ્રાઇવેટ લિમિટેડના કમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબના ખાતમુહૂર્ત પ્રસંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, સાણંદના સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટમાંથી પ્રથમ ચિપનું ઉત્પાદન ડિસેમ્બર 2024 સુધીમાં કરવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સેમીકન્ડકટર જેવા ઉભરતા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે અલગ સેમીકન્ડકટર પોલીસી બનાવનારું ગુજરાત પ્રથમ રાજ્ય છે. ધોલેરા અને સાણંદમાં સ્થપાનાર  બંને યુનિટોથી રોજગારીના અવસરો ઉભા થશે, તેમ તેમણે જણાવ્યું હતું.

# EVE-PM---SURAJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વર્ચ્યુઅલી સમગ્ર દેશમાં "સામાજિક ઉત્થાન તથા રોજગારલક્ષી લોક કલ્યાણ વેબ પોર્ટલ- એટલે કે પીએમ સૂરજ પોર્ટલનો શુભારંભ કરાવ્યો.

દેશના અંદાજે 470 જેટલા જિલ્લાઓ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. કાર્યક્રમનો ઉદ્દેશ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગને મુખ્ય ધારામાં લાવવાનો અને તેમને વિવિધ સરકારી યોજનાઓ થકી લાભાન્વિત કરવાનો છે.

પ્રધાનમંત્રીએ વર્ચુઅલ માધ્યમથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ અને સફાઈ કામદારો સહિત સીમાંત જૂથોને લાભ આપતી વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી.

આ કાર્યક્રમને સંબોધતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ પ્રસંગ વંચિતોને પ્રાથમિકતા આપવાની સરકારની પ્રતિબદ્ધતાની ઝલક આપે છે. લાભાર્થીઓ સાથેની તેમની વાતચીતનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ દલિતો, વંચિતો અને પછાત સમુદાયો સુધી કલ્યાણકારી યોજનાઓ કેવી રીતે પહોંચી રહી છે તે અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

વર્ષ 2047 સુધીમાં વિકસીત ભારતના લક્ષ્ય પર તેમણે કહ્યું કે, વંચિત વર્ગના વિકાસ વિના લક્ષ્ય પ્રાપ્ત કરી શકાતું નથી.

પ્રધાનમંત્રીએ નેશનલ એક્શન ફોર મિકેનાઇઝ્ડ સેનિટેશન ઇકોસિસ્ટમ હેઠળ ગટર અને સેપ્ટિક ટાંકીમાં રોકાયેલા સફાઇ મિત્રોને આયુષ્માન હેલ્થ કાર્ડ અને PPE કીટનું પણ વિતરણ કર્યું હતું.

# LOKSABHA- YADI

લોકસભા ચૂંટણી- 2024 અંતર્ગત ભાજપે 72 ઉમેદવારોની બીજી સૂચિ જાહેર કરી..

જેમાં ગુજરાતના વધુ સાત ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદ પૂર્વથી હસમુખ પટેલને અને વડોદરાથી રંજનબેન ભટ્ટને રીપીટ કરવામાં આવ્યા છે. સુરતથી મુકેશલાલ દલાલ, ભાવનગરથી નીમૂબેન બંભાણિયા, સાબરકાંઠાથી ભીખાજી ઠાકોર, વલસાડથી ધવલ પટેલ, છોટા ઉદેપુરથી જશુભાઇ રાઠવાના નામોની જાહેરાત કરવામાં આવી છે.

# EVE THAKUR-PRASAR BHARATI

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે આજે નવી દિલ્હીમાં આકાશવાણી ન્યૂઝ અને ડીડી ન્યૂઝની સુધારેલી વેબસાઈટ લોન્ચ કરી છે. શ્રી ઠાકુરે AIR એપ પર સુધારેલા સમાચાર પણ લોન્ચ કર્યા. તેમણે પ્રસાર ભારતી SHABD પોર્ટલ પણ લોન્ચ કર્યું.

આ પ્રસંગે શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે, છેલ્લા આઠ દાયકાઓથી આકાશવાણી માહિતીના પ્રસારણમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. પ્રસાર ભારતી હવે સમાચાર સંસ્થાઓને વિવિધ ભાષાઓમાં વીડિયો, ઓડિયો, ફોટા, લખાણ વગેરે સામગ્રી પ્રદાન કરવા માટે તૈયાર છે.

શ્રી ઠાકુરે ઉમેર્યું હતું કે, NewsonAir એપ સરકારી યોજનાઓ અને અન્ય સંબંધિત સમાચાર અને માહિતી મેળવવાનું એક ઉત્તમ સાધન છે. માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, SHABD, સુધારેલી વેબસાઇટ્સ અને એપ સમાચાર સંસ્થાઓ અને લોકો સુધી માહિતી પહોંચાડવામાં ફાયદાકારક સાબિત થશે.

# AMIT SHAH- COPERATIVE BUIDLING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે વિશ્વ વેપાર કેન્દ્ર ખાતે ત્રણ બહુ-રાજ્ય સહકારી મંડળીઓ - ભારતીય બીજ સહકારી મંડળી લિમિટેડ, નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ અને નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડની નવી ઓફિસ બિલ્ડીંગનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે, આ ત્રણેય ઈમારતો 31 હજાર ચોરસ મીટરમાં ફેલાયેલી છે અને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે. તેમણે કહ્યું કે આ એકંદર કૃષિ ક્ષેત્રને મજબૂત કરવા માટે એક મજબૂત પાયો સાબિત થશે. નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડની રચના સહકારી ક્ષેત્રમાં નિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી

છે. નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ સહકારી ક્ષેત્રમાંથી ઓર્ગેનિક ઉત્પાદનોની નિકાસમાં વધારો કરશે.

આ ત્રણ મંડળીઓ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકોનો વિકાસ સુનિશ્ચિત કરશે અને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ દ્વારા ખેડૂતો પાસેથી કૃષિ પેદાશો અને બિયારણો ખરીદશે. આ ઉપરાંત સમિતિઓ એ પણ સુનિશ્ચિત કરશે કે નફો સીધો ખેડૂતોના ખાતામાં પહોંચે.

## WPL

**મહિલા પ્રીમીયર લીગમાં, આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત જાયન્ટ્સ સામે થશે. ટોસ જીતીને ગુજરાતની ટીમે બેટીંગ પસંદ કરી છે. ઉલ્લેખનીય છે કે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈ ઈન્ડિયન્સને સાત વિકેટે હરાવીને પ્લે-ઓફમાં સ્થાન મેળવ્યું હતું.**

## SHAH - HYDERABAD LIBERATION DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, સરકારે હૈદરાબાદ મુક્તિ ચળવળના શહીદોના સન્માનમાં દર વર્ષે 17મી સપ્ટેમ્બરને હૈદરાબાદ મુક્તિ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. તેમણે કહ્યું કે, આ નિર્ણય સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોને યોગ્ય શ્રદ્ધાંજલિ છે જેમણે હૈદરાબાદ ક્ષેત્રને નિઝામ શાસનમાંથી મુક્ત કરીને ભારતનો એક ભાગ રહેવા માટે બલિદાન આપ્યું હતું. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે, આજનો દિવસ એક ઐતિહાસિક દિવસ છે અને આ નિર્ણય યુવાનોમાં દેશભક્તિની જ્વાળા પ્રજ્વલિત કરશે..

# FUR-REV-DAY.-PRESIDENT--MAURITIUS-VISIT

ભારત અને મોરેશિયસે આજે ચાર સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરીને નાણાકીય સેવાઓ, નાગરિક સેવાઓ, કરવેરા અને તપાસ એજન્સીઓ સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદકુમાર જુગનાથના અધ્યક્ષપદે યોજાયેલી બેઠકમાં આ સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

આ બેઠક દરમિયાન 14 જેટલા વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું તેમજ બંને નેતાઓએ ભારત દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ નવી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો વર્ચુઅલ માધ્યમથી શિલાન્યાસ કર્યો હતો..

અગાઉ, રાષ્ટ્રપતિની સત્તાવાર મુલાકાતના ત્રીજા અને છેલ્લા દિવસે, સુશ્રી મુર્મુએ અપ્રવાસી ઘાટ અને ઇન્ટરકોન્ટિનેન્ટલ સ્લેવરી મ્યુઝિયમની મુલાકાત લીધી હતી.

# HARYANA-CM RESIGNATION

હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલે આજે કરનાલ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપ્યું છે. હરિયાણા વિધાનસભાના વિશેષ સત્ર દરમિયાન તેમણે ગૃહમાં રાજીનામાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, પાર્ટી નેતૃત્વ દ્વારા જે પણ ફરજ સોંપવામાં આવશે તે વધુ જવાબદારી સાથે તેઓ પૂર્ણ કરશે.

# HARYANA-GOVT.

હરિયાણાના નવા મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ આજે વિશેષ વિધાનસભા સત્ર દરમિયાન યોજાયેલા ફ્લોર ટેસ્ટમાં વિશ્વાસનો મત જીત્યો. ગૃહમાં લગભગ બે કલાકની ચર્ચા બાદ ભારતીય જનતા પાર્ટીની સરકારે ધ્વનિ મત દ્વારા વિશ્વાસ મત મેળવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, હરિયાણા વિધાનસભાનું વિશેષ સત્ર આજે બોલાવવામાં આવ્યું હતું.. મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ શ્રદ્ધાંજલિ બાદ ગૃહમાં વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

# YOGA MAHOTSAV

આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેચાએ આજે નવી દિલ્હીમાં આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસના 100 દિવસની ગણતરીની ઉજવણી કરતા યોગ મહોત્સવ 2024નું ઉદ્ઘાટન કર્યું..

આ પ્રસંગે શ્રી કોટેચાએ જણાવ્યું હતું કે, ગયા વર્ષે 23 કરોડથી વધુ લોકોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને આ વર્ષે 30 કરોડથી વધુ લોકો ભાગ લેશે તેવી અપેક્ષા છે. તેમણે કહ્યું કે, ભારત યોગ ચિકિત્સા ક્ષેત્રે પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. રાષ્ટ્રીય તબીબી આયોગ દ્વારા MBBS અભ્યાસક્રમમાં યોગનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી કોટેચાએ ઉમેર્યું હતું કે, યોગ માત્ર દવાના ક્ષેત્રમાં જ નહીં પરંતુ જીવનમાં પણ ગુણાત્મક પરિવર્તન લાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને આયુષ મંત્રાલયના અથાક પ્રયાસોને કારણે યોગ દરેક ઘર સુધી પહોંચી ગયો છે.

# NIA - BENGALURU BLAST

રાષ્ટ્રીય તપાસ એજન્સી-NIAએ તાજેતરમાં બેંગલુરુ કાફે બ્લાસ્ટના સંબંધમાં મોહમ્મદ શબ્બરની કર્ણાટકના બલોરીમાંથી પ્રથમ આરોપી તરીકે ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ધરપકડ કરાયેલ આરોપી મુખ્ય આરોપીનો સહયોગી હોવાનું માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ગત 1લી માર્ચે બેંગલુરુના એક કેફેમાં ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ દ્વારા બ્લાસ્ટ થયો હતો.